**પહેલીવાર** | સાયન્સ ફેકલ્ટી દ્વારા સનફાર્મા સાથે MOU

# સાયન્સના અંડર ગ્રેજ્યુએટને રિસર્ચની 5 લાખ ગ્રાંટ મળશે

એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા

મ.સ.યુનિ.ની સાયન્સ ફેકલ્ટી દ્વારા પ્રથમવાર અંડર ગ્રેજ્યુએટ કક્ષાના વિદ્યાર્થીઓ માટે એમઓયુ સાઈન કર્યું છે. મોટાભાગે માસ્ટર્સના વિદ્યાર્થી રિસર્ચમાં ભાગ લેતા હોય છે પરંતુ બેચલર લેવલના વિદ્યાર્થીને રિસર્ચ ક્ષેત્રે આગળ આવવાની તક મળે તે હેતુથી એમઓયુ કરાયું છે. સન ફાર્મા સાથે થયેલા કરાર પ્રમાણે 3 વર્ષ સુધી 5 લાખની ગ્રાન્ટ મળશે.

પહેલીવાર મ.સ. યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટી દ્વારા બેચલરના વિદ્યાર્થીઓ માટે સન ફાર્મા કંપની સાથે કરાર કરવામાં આવ્યો છે. કરાર પ્રમાણે 3 વર્ષ સુધી 5 લાખની ગ્રાન્ટ મળશે. જેમાં વિવિધ રિસર્ચ પ્રોજેક્ટ હાથ ધરાશે. સાયન્સ ફેકલ્ટીના તમામ વિભાગોના હેડ તથા હરી કટારીયા, જ્યારે સન ફાર્મા તરફથી સિનિ. વાઈસ પ્રેસિડેન્ટ ડો.પ્રશાંત કાને એમઓયુમાં ઉપસ્થિત રહ્યા હતા.